# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 19/10/2015ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની બેઠક તા. 19-10-2015 ને સોમવારના રોજ આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના પરિસંવાદ ખંડમાં બપોરે 2-00 વાગ્યે મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | |
|---|---|---|
| (1) | ડૉ. અનામિક શાહ | : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ) |
| (2) | પ્રો. કનુભાઈ નાયક | : સભ્યશ્રી (આચાર્ય, મ. દે. સ. સેવા મહા., ગૂ.વિ., અમદાવાદ) |
| (3) | ડૉ. જયપ્રકાશ પંડ્યા | : સભ્યશ્રી (આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (4) | ડૉ. સંધ્યાબહેન ઠાકર | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, આ. શિ. અને વિ. વિભાગ, ગૂ.વિ., અમદાવાદ) |
| (5) | ડૉ. જમનાદાસ સાવલિયા | : સભ્યશ્રી (સંયોજક, મ. દે. શા. શિ. મહા., સાદરા) |
| (6) | ડૉ. કનૈયાલાલ નાયક | : સભ્યશ્રી (સંયોજક, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા) |
| (7) | ડૉ. પ્રદીપભાઈ આચાર્ય | : સભ્યશ્રી (ઇન્ચાર્જ, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા) |
| (8) | ડૉ. રાજીવભાઈ પટેલ | : સભ્યશ્રી (સંયોજક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા)<br>(ઇન્ચાર્જશ્રી, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા) |
| (9) | ડૉ. હરિભાઈ પટેલ | : સભ્યશ્રી (સંયોજક, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ.વિ., અમદાવાદ) |
| (10) | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : સભ્યશ્રી (અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગ, અમદાવાદ) |
| (11) | ડૉ. પુષ્પાબહેન મોતીયાની | : સભ્યશ્રી (અધ્યક્ષ, ગાંધીદર્શન / શાંતિસંશોધન કેન્દ્ર, અમદાવાદ) |
| (12) | ડૉ. નિમિષાબહેન શુક્લ | : સભ્યશ્રી (અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ) |
| (13) | ડૉ. જશવંતભાઈ પંડ્યા | : સભ્યશ્રી (અધ્યક્ષ, હિન્દી વિભાગ, અમદાવાદ) |
| (14) | ડૉ. વિનોદભાઈ પાંડેય | : સભ્યશ્રી (કા. અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, અમદાવાદ) |
| (15) | ડૉ. મહેશભાઈ ગામીત | : સભ્યશ્રી (કા. અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, અમદાવાદ) |
| (16) | ડૉ. આનંદીબહેન પટેલ | : સભ્યશ્રી (અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, અમદાવાદ) |
| (17) | ડૉ. અજયભાઈ પરીખ | : સભ્યશ્રી (અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ) |
| (18) | ડૉ. રામ ગોપાલ સિંહ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, હિન્દી વિભાગ, અમદાવાદ) |
| (19) | ડૉ. આરતીબહેન પટેલ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (20) | ડૉ. ભરતભાઈ જોષી | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (21) | ડૉ. કોકિલાબહેન પારેખ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (22) | ડૉ. જગદીશભાઈ સાવલિયા | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, મ. દે. શા. શિ. મહા., સાદરા) |

| | | |
|---|---|---|
| (23) | ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, મ. દે. શા. શિ. મહા., સાદરા) |
| (24) | ડૉ. મયુરીબહેન ફાર્મર | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા) |
| (25) | ડૉ. નિખિલભાઈ ભટ્ટ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા) |
| (26) | ડૉ. દુગ્ગીરાલા શ્રીનિવાસ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા) |
| (27) | ડૉ. ધીરેનભાઈ પટેલ | : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ) |
| (28) | ડૉ. શશિબાલા પંજાબી | : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા) |
| (29) | ડૉ. ગુલાબભાઈ પટેલ | : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા) |
| (30) | શ્રી પૂર્ણિમાબહેન ઉપાધ્યાય | : સભ્યશ્રી (મ.પ્રાધ્યાપક, ગ્રંથાલય અને મા.વિજ્ઞાન વિભાગ, અમદાવાદ) |
| (31) | શ્રી સંજય મકવાણા | : સભ્યશ્રી (મ. પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા) |
| (32) | ડૉ. મયુરકુમાર શાહ | : સભ્યશ્રી (મ. પ્રાધ્યાપક, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા) |
| (33) | ડૉ. કે. કે. ખખ્ખર | : સભ્યશ્રી (પૂર્વ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ) |
| (34) | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની | : સભ્યશ્રી (પૂર્વ નિયામક, એકેડેમિક સ્ટાફ કોલેજ, રાજકોટ) |
| (35) | ડૉ. રંજના હરીશ | : સભ્યશ્રી (આંબાવાડી, અમદાવાદ) |
| (36) | ડૉ. રાજેન્દ્ર ખીમાણી | : સચિવશ્રી (કુલસચિવ, ગૂ. વિ., અમદાવાદ) |
| (37) | શ્રી રણછોડભાઈ ચૌહાણ | : પરીક્ષામંત્રીશ્રી (ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) |

ઉપરોક્ત બેઠકમાં (1) શ્રી ગોવિંદભાઈ રાવલ, સભ્યશ્રી (ટ્રસ્ટી, ગૂ.વિ., અમદાવાદ) ઉપસ્થિત ન રહેવા અંગે અગાઉથી જાણ કરી હતી. તેમની આ રજા મંજૂર કરવામાં આવી.

વધુમાં અનુપસ્થિત સભ્યો : (1) ડૉ. મહેબૂબભાઈ દેસાઈ, સભ્યશ્રી (અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, અમદાવાદ), (2) ડૉ. ગીતાબહેન વ્યાસ, સભ્યશ્રી (પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, અમદાવાદ), (3) શ્રી પ્રજ્ઞાબહેન પાઠક, સભ્યશ્રી (ગ્રંથપાલ, ગ્રંથાલય, ગૂ. વિ., અમદાવાદ) ઉપસ્થિત ન રહેવા અંગે જાણ કરી ન હતી. પરીક્ષા વિભાગ તરફથી વિભાગીય અધિકારીશ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.

કાર્ય – 1 તા. 25-05-2015, તા. 21-07-2015 તથા તા. 12/08/2015ની સ્થાયી સમિતિની અહેવાલનોંધને બહાલી આપવા તથા તેની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-1 તા. 25-05-2015, તા. 21-07-2015 તથા તા. 12-08-2015ની સ્થાયી સમિતિનો અહેવાલ સૌ સભ્યોને તા. 07-10-2015ના રોજ મોકલી આપવામાં આવ્યો હતો. કોઈ સભ્ય તરફથી સુધારો સૂચવેલ ન હતો તથા આ બેઠક દરમ્યાન પણ કોઈ સૂચન થયું ન હતું. આથી અહેવાલનોંધ તથા અમલવારીની નોંધને બહાલી આપવામાં આવી

કાર્ય – 2 62મા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી પદવીઓ તથા પારિતોષિકોને બહાલી આપવા ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળને ભલામણ કરવા અંગે. (પરિશિષ્ટ-2, 3)

ઠરાવ-2 તા. 18/10/2015ના રોજ યોજાનારા 62મા પદવીદાન સમારંભ તા. 01/12/2015ના રોજ યોજવાનું તથા તે પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી વિવિધ 05 પ્રકારની પદવી પરીક્ષાઓના 906 વિદ્યાર્થીઓને પદવી, 08 સુવર્ણચંદ્રક, 01 રજતચંદ્રક, 48 તામ્રપત્ર તથા એક વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવા ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું

કાર્ય – 3 કુમાર વિનય મંદિરમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ પટેલને M.Sc. કક્ષાએ 'Chemistry' વિષયમાં દૂરવર્તી અભ્યાસ કરવા આદરણીય કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા અંગે.

ઠરાવ-3 કુમાર વિનય મંદિરમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ પટેલને M.Sc. કક્ષાએ 'Chemistry' વિષયમાં દૂરવર્તી અભ્યાસ કરવા આદરણીય કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવામાં આવી.

કાર્ય – 4 ગ્રેજ્યુએશન, ડિપ્લોમા અને પોસ્ટ ગ્રેજ્યુએશન કક્ષાએ સત્રાંત પરીક્ષાના પરીક્ષકોને પ્રશ્નપત્ર તથા ઉત્તરવહી જમા કરાવવા પેટે થતાં પ્રવાસ ખર્ચ બાબતે.

ઠરાવ-4 ગ્રેજ્યુએશન, ડિપ્લોમા અને પોસ્ટ ગ્રેજ્યુએશન કક્ષાએ સત્રાંત પરીક્ષાના પરીક્ષકોને પ્રશ્નપત્ર તથા ઉત્તરવહી જમા કરાવવા બાબતે નીચે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવાનું તથા તેની જાણ પરીક્ષકોને કરવાનું ઠરાવવામાં આવ્યું.

(1) પ્રશ્નપત્ર પરીક્ષા વિભાગના ઈમેલ એડ્રેસ અથવા રજિસ્ટર પોસ્ટથી જ મોકલવા સ્પષ્ટ જણાવવું.

(2) ઉત્તરવહીનું પેકેટ રજિસ્ટર પોસ્ટથી જ મોકલી આપે. છતાં

(3) પરીક્ષક રૂબરૂ આવે તેવા સંજોગોમાં

(a) અમદાવાદ તથા ગાંધીનગરના પરીક્ષકોને રૂ. 100 તથા આ બે સ્થળ સિવાયના બહારના પરીક્ષકોને વધુમાં વધુ રૂ. 250 પ્રવાસ ખર્ચ પેટે ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું.

(b) કોઈપણ સંજોગોમાં પોતાની કે ભાડાની ગાડીનું પ્રવાસ ખર્ચ ચૂકવવું નહીં.

કાર્ય – 5 નીચેના સેવકોને જે તે કક્ષાએ સંબંધિત વિષયમાં માર્ગદર્શકની માન્યતા આપવા બાબતે

| ક્રમ | સેવકનું નામ | વિષય | કક્ષા | વિભાગ / મહાવિદ્યાલય |
|---|---|---|---|---|
| 1. | ડૉ. સંજય મકવાણા | ગુજરાતી | M.Phil. | ગુજરાતી વિભાગ, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 2. | ડૉ. કનુભાઈ નાયક | ઇતિહાસ | Ph.D. | ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |

ઠરાવ-5 ઉપરોક્ત બંને સેવકના નામ સામે દર્શાવેલા વિષય તથા જે તે કક્ષાએ સંબંધિત મહાવિદ્યાલય / વિભાગમાં માર્ગદર્શક તરીકેની મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 6 મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરામાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. નિમેશકુમાર ચૌધરીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે 'શારીરિક શિક્ષણ' વિષયમાં Ph.D. ના માર્ગદર્શક તરીકે કાર્ય કરવા મંજૂરી માંગતી તેમની તા. 22/09/2015ની અરજી બાબતે.

ઠરાવ-6 મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરામાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. નિમેશકુમાર ચૌધરીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે 'શારીરિક શિક્ષણ' વિષયમાં Ph.D. ના માર્ગદર્શક તરીકે કાર્ય કરવા માટે યુ.જી.સી.ના પત્ર D.O. No. F. 10-6/2011 (PS) Misc, તા. 04-09-2015 મુજબ મંજૂરી ન આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 7 ઉચ્ચશિક્ષણના અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)ને ક્રેડિટ બેઝ્ડ ઈલેક્ટીવ વિષય તરીકે શરૂ કરવા તા. 16-08-2015ના યુ.જી.સી.ના પત્ર નં. Do. No. F. 1-7-2011 બાબતે. (પરિશિષ્ટ-4)

ઠરાવ-7 ઉચ્ચશિક્ષણના અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)ને ક્રેડિટ બેઝ્ડ ઈલેક્ટીવ વિષય તરીકે શરૂ કરવા તા. 16-08-2015ના યુ.જી.સી.ના પત્ર નં. Do. No. F. 1-7-2011ની નકલ દરેક મહાવિદ્યાલય / વિભાગને ફરીથી મોકલી આપવાનું તથા 'ઉદ્યોગ'માં આ સંબંધે શું ઉમેરી શકાય તે જણાવવા પોતાના અભિપ્રાયો સવેળા મોકલે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 8 B.A. ના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ સમાન (કોમન) કરવા બાબતે.

ઠરાવ-8 B.A. ના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં પ્રથમ સત્ર સમાન (કોમન) કરવાનું સર્વ સંમતિથી સ્વીકારવામાં આવ્યું. બીજા સત્રમાં વિદ્યાર્થીઓ પોતાનો મુખ્ય વિષય પસંદ કરી શકશે તેમ ઠરાવવામાં આવ્યું. મ..દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજાના સંયોજકશ્રીના સૂચન મુજબ સત્ર-2માં આવતા કોરકોર્સના બે પાઠ્યક્રમને સત્ર-1માં અને સત્ર-1માં આવતા જે તે મુખ્ય વિષયના એક પાઠ્યક્રમને સત્ર-2માં તબદીલ કરવાથી પ્રથમ સત્રમાં સમાન (કોમન) અભ્યાસક્રમની વ્યવસ્થા થઈ શકશે તે સૈદ્ધાંતિક રીતે સ્વીકારવામાં આવ્યું.

બીજા સત્રથી વિદ્યાર્થીએ મુખ્ય વિષયની પસંદગી માટે વિકલ્પો આપવાના રહેશે. પ્રથમ સત્રમાં મેળવેલા ગ્રેડ પોઈન્ટને ધ્યાનમાં રાખી મહાવિદ્યાલયે વિદ્યાર્થીને મુખ્ય વિષયની ફાળવણી કરવાની રહેશે. આ માટે બંને મહાવિદ્યાલયના સંયોજકશ્રીઓ સાથે રહી નિયમનું ગઠન અને અરજીપત્ર તૈયાર કરશે.

ઉપરોક્ત ઠરાવનો અમલ વર્ષ-2016થી પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓથી કરવાનો રહેશે.

કાર્ય – 9 શ્રી કપિલ દેશવાલ તથા શ્રી જયંતિલાલ છત્રસંગ ઠાકોરના અનુક્રમે 'ગાંધીવિચાર' અને 'અર્થશાસ્ત્ર' વિષયમાં Ph.D. અભ્યાસ બાબતે નિર્ણય લેવા અંગે.

ઠરાવ-9 શ્રી કપિલ દેશવાલ તથા શ્રી જયંતિલાલ છત્રસંગ ઠાકોરના અનુક્રમે 'ગાંધીવિચાર' અને 'અર્થશાસ્ત્ર' વિષયમાં Ph.D.ના અભ્યાસમાં નિયમ મુજબ સમયાંતરે તેમના દ્વારા કાર્યવાહી ન થઈ હોવાથી તેમનો પ્રવેશ રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં સરતચૂકથી વિદ્યાર્થીનું આખુ નામ લખવાનું રહી ગયું હોવાથી તે સુધારીને જયંતિલાલ છત્રસંગ ઠાકોર કરવામાં આવ્યું.

કાર્ય – 10 ગૂજરાત વિદ્યાપીઠના કોઈપણ અભ્યાસક્રમમાં અંતિમ સત્રમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને સરકારી નોકરી મળે તેવા સંજોગોમાં તા. 03/03/2014 ની વિદ્યાસભાના ઠરાવ નં. 6 માં પુનઃ વિચારણા કરવા અંગે.

ઠરાવ-10 ગૂજરાત વિદ્યાપીઠના કોઈપણ અભ્યાસક્રમમાં અંતિમ સત્રમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને સરકારી નોકરી મળે તેવા સંજોગોમાં તા. 03/03/2014 ની વિદ્યાસભાના ઠરાવ નં. 6 ને રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 11 શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થી માટે લહિયાની વ્યવસ્થા સંદર્ભે કેરળ હાઈકોર્ટના ચુકાદા અંગે યુ.જી.સી.ના F. No. 6-3/2015 (SCT) તા. 31/08/2015ના પત્ર બાબતે.

સૂચિત ઠરાવ ઉચ્ચ અદાલતે આપેલા ચુકાદા મુજબ દરેક વિશ્વવિદ્યાલયે 40 ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા પરીક્ષાર્થીને લહિયાની વ્યવસ્થા આપવાનું જણાવેલ છે. આ માટે :

(1) વિકલાંગતા માટેનું દાક્તરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
(2) કાયમી વિકલાંગતા 40 ટકા કે તેથી વધુ હોવી જોઈએ.
(3) એક કલાકદીઠ 20 મિનિટનો વધારાનો સમય પૂર્તતા માટે આપવો.
(4) જો કોઈ વિકલાંગ લહિયાની વ્યવસ્થા ન લે તો તેને પણ ઉપર મુજબ વધારાનો સમય આપવો. ટૂંકમાં ત્રણ કલાકની પરીક્ષા હોય તો વધારાનો એક કલાક આપવો.

ઠરાવ-11 શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થી માટે લહિયાની વ્યવસ્થા સંદર્ભે કેરળ હાઈકોર્ટના ચુકાદા અંગે યુ.જી.સી.ના F. No. 6-3/2015 (SCT) તા. 31/08/2015ના પત્ર બાબતે કરવામાં આવેલ સૂચિત ઠરાવને મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 12 નીચેના વિદ્યાર્થીઓને M.Phil. કક્ષાએ 1 માસના મુદત વધારા બાબતે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | નોંધણી તારીખ / નંબર | અભ્યાસક્રમનો પ્રકાર | વિભાગ / મહાવિદ્યાલય |
|---|---|---|---|---|---|
| 1. | અંજનાબહેન ડી. ચૌધરી | ભૌતિક વિજ્ઞાન | તા. 16-08-2013 નં. 513777 | અંશકાલીન | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા |
| 2. | સંદિપકુમાર જયંતિભાઈ પટેલ | અર્થશાસ્ત્ર | તા. 16-08-2013 નં. 113628 | અંશકાલીન | મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 3. | હેમલકુમાર બાબુભાઈ પટેલ | અર્થશાસ્ત્ર | તા. 16-08-2013 નં. 113629 | અંશકાલીન | મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |

ઠરાવ-12 ઉપરોક્ત વિદ્યાર્થીઓને તેમના નામ સામે દર્શાવેલા વિષયમાં M.Phil. કક્ષાએ 1 માસનો મુદત વધારો આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 13 નીચેના વિદ્યાર્થીઓને Ph.D. કક્ષાએ પાંચમા વર્ષનો મુદત વધારો આપવા બાબતે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | નોંધણી તારીખ / નંબર | અભ્યાસક્રમનો પ્રકાર | વિભાગ / મહાવિદ્યાલય |
|---|---|---|---|---|---|
| 1. | મીનલ અતુલ મહેતા | ગ્રામવ્યવસ્થાપન | તા. 20-09-2011 નં. 811202 | અંશકાલીન | ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા |
| 2. | ધીમંતકુમાર ભરતકુમાર વ્યાસ | વિજ્ઞાન અને અહિંસા | તા. 08-02-2012 નં. 111710 | અંશકાલીન | શાંતિ સંશોધન કેન્દ્ર, મ. દે. સમાજસેવા મહા., અમદાવાદ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3. | કૈલાસભાઈ શાંતારામભાઈ ભોયે | અર્થશાસ્ત્ર | તા. 08-02-2012 નં. 111706 | અંશકાલીન | ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, મ. દે. સમાજસેવા મહા., અમદાવાદ |
| 4. | નીમા વૈષ્ણવ | ગાંધીવિચાર | તા. 14/23-11-11 નં. 111714 | અંશકાલીન (અધિ. સિવાય) | ગાંધીદર્શન વિભાગ, મ. દે. સમાજસેવા મહા., અમદાવાદ |

ઠરાવ-13 ઉપરોક્ત વિદ્યાર્થીઓને તેમના નામ સામે દર્શાવેલા વિષયમાં Ph.D. કક્ષાએ પાંચમા વર્ષનો મુદત વધારો આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 14 M.Phil. / Ph.D. પ્રવેશ માટેની 'ગાંધીવિચાર પ્રવેશ પરીક્ષા'ને 'સંશોધન સજ્જતા'ની પ્રવેશ પરીક્ષા પછી લેવા આદરણીય કુલનાયકશ્રીના સૂચન અંગે.

ઠરાવ-14 M.Phil. / Ph.D. પ્રવેશ માટેની 'ગાંધીવિચાર પ્રવેશ પરીક્ષા'ને 'સંશોધન સજ્જતા'ની પ્રવેશ પરીક્ષા પછી લેવા આદરણીય કુલનાયકશ્રીએ કરેલા સૂચનને માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું. કુલસચિવશ્રી તથા ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષે આ ફેરફાર બાબતે અસહમતિ દર્શાવી હતી.

કાર્ય – 15 ગુણપત્ર, પદવી પ્રમાણપત્ર, ફેરબદલી પ્રમાણપત્ર, સ્થળાંતર પ્રમાણપત્ર, પાસ થયાનું પ્રમાણપત્ર વગેરે માત્ર અંગ્રેજી ભાષામાં જ આપવા અંગે પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-15 ગુણપત્ર, પદવી પ્રમાણપત્ર, ફેરબદલી પ્રમાણપત્ર, સ્થળાંતર પ્રમાણપત્ર, પાસ થયાનું પ્રમાણપત્ર વગેરે માત્ર અંગ્રેજી ભાષામાં જ આપવા અંગે હાલની વ્યવસ્થા જ ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં, પરીક્ષા વિભાગને પડતી મુશ્કેલી બાબતે કમ્પ્યૂટર વિભાગ પરીક્ષાના કામ સંબંધિત નવું સોફ્ટવેર તૈયાર કરી આપે તેમ ઠરાવવામાં આવ્યું. વળી, પારંગતના અંગ્રેજી ગુણપત્રમાં નિબંધનું શીર્ષક ભાષાંતર તરીકે નહિ પણ તેનું લિપ્યંતર જ મૂકવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 16 સ્થાયી સમિતિની પુનર્રચના અંગે.

ઠરાવ-16 સ્થાયી સમિતિના સભ્ય તરીકે કુલનાયકશ્રી, કુલસચિવશ્રી, પરીક્ષામંત્રીશ્રી, દરેક મહાવિદ્યાલયના આચાર્યશ્રી / સંયોજકશ્રી અને દરેક ફેકલ્ટીના ડીન સભ્ય તરીકે રહેશે તેવું ઠરાવવામાં આવ્યું.

તા. 19-10-2015 પછી યોજાનારી સ્થાયી સમિતિમાં દરેક મહાવિદ્યાલયના આચાર્યશ્રી / સંયોજકશ્રીને સભ્ય તરીકે અને ફેકલ્ટીના ડીનની વ્યવસ્થા થાય તે પછી તેઓને સભ્ય તરીકે આમંત્રિત કરવાના રહેશે.

કાર્ય – 17 M.Phil. / Ph.D. અભ્યાસકાર્ય(કોર્સવર્ક)ની પરીક્ષામાં કૃપાગુણ આપવા બાબતે.

ઠરાવ-17 M.Phil. / Ph.D. અભ્યાસકાર્ય(કોર્સવર્ક)ની પરીક્ષામાં કૃપાગુણ આપવા અંગે કાયમી સ્વરૂપે ઠરાવ ન કરવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ અભ્યાસકાર્ય(કોર્સવર્ક)ના પરિણામની સ્થિતિ જાણીને જે તે વર્ષે કૃપાગુણ આપવા કે કેમ તે નક્કી કરવાનું ઠરાવવામાં આવ્યું.

દરેક અભ્યાસક્રમ (ડિપ્લોમા, ગ્રેજ્યુએશન, પોસ્ટ-ગ્રેજ્યુએશન, એમ.ફિલ., પીએચ.ડી.)માં જે પાઠ્યક્રમમાં નિયમ મુજબ કૃપાગુણ આપવામાં આવ્યા હોય તેના ગુણપત્રમાં '*' ની નિશાની કરી કૃપાગુણ આપવામાં આવ્યા છે તેની નોંધ મૂકવાની રહેશે. આ ઠરાવનો અમલ નવેમ્બર-2015ની સત્રાંત પરીક્ષાઓથી કરવાનો રહેશે.

કાર્ય – 18 અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે M.Phil. / Ph.D. કક્ષાએ કાંતણ કૌશલ્ય અંગે અગાઉના થયેલા ઠરાવમાં પુનર્વિચારણા બાબતે.

ઠરાવ-18 અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે M.Phil. / Ph.D. કક્ષાએ કાંતણ કૌશલ્ય અંગે અગાઉના થયેલા ઠરાવમાં પુનર્વિચારણા કરવામાં આવી. આ કાંતણ કૌશલ્ય કસોટી કેન્દ્રીય ધોરણે પરીક્ષા વિભાગ દ્વારા લેવામાં આવતી હતી તે હવે પછી જે તે મહાવિદ્યાલય / વિભાગ દ્વારા લેવામાં આવશે. જેની જવાબદારી જે તે માર્ગદર્શક તથા જે તે મહાવિદ્યાલય / વિભાગના વડાની રહેશે. આ ફેરફાર સિવાય આ કસોટી માટે અગાઉ તા. 21-12-2014 ની સ્થાયી સમિતિમાં કરવામાં આવેલ ઠરાવ નં.-3ની વ્યવસ્થા ચાલુ રહેશે.

પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થાય તે :

કાર્ય – 19 ડૉ. અરવિંદભાઈ રામીને શારીરિક શિક્ષણ વિષયમાં એમ.ફિલ. અને પીએચ.ડી. અભ્યાસક્રમમાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવા અંગે.

ઠરાવ-19 ડૉ. અરવિંદભાઈ રામીને શારીરિક શિક્ષણ વિષયમાં એમ.ફિલ. અને પીએચ.ડી. અભ્યાસક્રમમાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 20 ડૉ. ગીતાબહેન પટેલને શારીરિક શિક્ષણ વિષયમાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવા અંગે.

ઠરાવ-20 ડૉ. ગીતાબહેન પટેલને શારીરિક શિક્ષણ વિષયમાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 21 ડૉ. હેમુભાઈ જાંબુકિયાને સમાજકાર્ય વિષયમાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં સહમાર્ગદર્શક તરીકેની માન્યતા આપવા અંગે.

ઠરાવ-21 આપણી સંસ્થામાં અન્ય યુનિવર્સિટીના પ્રાધ્યાપકો માર્ગદર્શક તરીકે કાર્ય કરતા હોય છે. આથી ઘણા વિદ્યાર્થીઓને સામાન્ય માર્ગદર્શન લેવા માટે પણ તે પ્રાધ્યાપકો પાસે વારંવાર જવાનું થતું હતું. આમ ન બને તે માટે M.Phil. કક્ષાએ માર્ગદર્શક તરીકેનો અનુભવ ધરાવતા સ્થાનિક પ્રાધ્યાપકોને સહ-માર્ગદર્શક તરીકે સંમતિ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

યુ.જી.સી.ના પત્ર D.O. No. F. 10-6/2011 (PS) Misc, તા. 04-09-2015 મુજબ હવે પછી જે તે યુનિવર્સિટીમાં નિયમિત રીતે ફરજ બજાવતા પ્રાધ્યાપકોને જ માર્ગદર્શક તરીકે માન્યતા આપવાની થાય છે. આથી તેવા સંજોગોમાં સહ-માર્ગદર્શકની જરૂરિયાત રહેશે નહિ. આથી ડૉ. હેમુભાઈ જાંબુકિયાને 'સમાજકાર્ય' વિષયમાં Ph.D. કક્ષાએ સહ-માર્ગદર્શક તરીકે માન્યતા ન આપવાનું ઠરાવવામાં આવ્યું. તથા યુ.જી.સી. અધિનિયમ-2009માં આ સુધારો આમેજ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 22 એમ.ફિલ. અને પીએચ.ડી. અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થતા પ્રગતિ અહેવાલો માત્ર ઇ-મેલ દ્વારા સ્વીકારવા અંગે.

ઠરાવ-22 એમ.ફિલ. અને પીએચ.ડી. અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થતા પ્રગતિ અહેવાલો માત્ર ઇ-મેલ દ્વારા સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થી સત્રાંતે પ્રગતિ અહેવાલ માર્ગદર્શકને PDF ફાઈલ બનાવીને મોકલે ત્યારબાદ માર્ગદર્શક વિભાગીય અધ્યક્ષને, વિભાગીય અધ્યક્ષ ડીનને ઈ-મેલથી નોંધ સાથે ફોરવર્ડ કરી મોકલે તેમ ઠરાવવામાં આવ્યું. અંતે કુલસચિવશ્રી પાસે છેલ્લી નોંધ કરાવીને અહેવાલ ફાઈલે રાખવાના રહેશે.

કાર્ય – 23 તા. 12-09-2014ની વિદ્યાસભાના ઠરાવ ક્રમ-35ને લંબાવવા અંગે.

ઠરાવ-23 તા. 12-09-2014ની વિદ્યાસભાના ઠરાવ ક્રમ-35ને જે તે વિષયમાં અનામત કક્ષાના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ના હોય તો સામાન્ય કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના ઠરાવને વર્ષ-2015 માટે લંબાવવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 24 વિવિધ ફેકલ્ટી રચના અંગે.

ઠરાવ-24 આ સાથે જોડેલ પરિશિષ્ટ-4 મુજબ વિવિધ આઠ ફેકલ્ટી અને તેમાં સમાવેશ થતા વિભાગોને મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 25 યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય પીએચ.ડી.માં પ્રવેશ માટે પુનર્વિચારણા અંગે.

ઠરાવ-25 યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય પીએચ.ડી.માં પ્રવેશ ન આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 26 સમાજકાર્ય પારંગત અને યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમાની નવેમ્બર સત્રાંત પરીક્ષાની તારીખમાં ફેરફાર અંગે.

ઠરાવ-26 સમાજકાર્ય પારંગત અને યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમાની નવેમ્બર-2015ની સત્રાંત પરીક્ષામાં સહિત બધી જ પરીક્ષાઓ તેના પ્રથમ વખતના નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે લેવાનું ઠરાવવામાં આવ્યું. માત્ર તા. 01/12/2015ના રોજ લેવાનારી જે તે પાઠ્યક્રમની પરીક્ષા તા. 29-11-2015 ને રવિવારના રોજ સવારના :9-00 થી 11-30 દરમ્યાન લેવામાં આવશે.

જે મહાવિદ્યાલય વિભાગમાં અગાઉ સુધારેલો પરીક્ષા કાર્યક્રમ મોકલી આપવામાં આવ્યો હતો તે રદ ગણવાનો રહેશે.

કાર્ય – 27 અભ્યાસના મહત્તમ સમયગાળા અંગે યુજીસીના પત્ર ક્રમ D.O. No. F.12/1/2015 (CPP-II) તા. 15-10-2015 અંગે.

ઠરાવ-27 અભ્યાસના મહત્તમ સમયગાળા અંગે યુજીસીના પત્ર ક્રમ D.O. No. F.12/1/2015 (CPP-II) તા. 15-10-2015ને ધ્યાને લઈ તે મુજબ અભ્યાસક્રમના મૂળ સમય ઉપરાંત 2 વર્ષનો વધારોનો સમય આપવાનું ઠરાવવામાં આવ્યું. ખાસ કિસ્સામાં જરૂર જણાય તો 1 વર્ષની મુદતનો વધારો વિદ્યાસભામાં મૂકીને આપી શકાશે. અભ્યાસના સમયગાળા દરમ્યાન ગેરવાજબી રીતરસમના કારણે કોઈ વિદ્યાર્થીને સજા થાય તો તે સજાનો સમયગાળો ગણતરીમાં લેવાનો રહેશે નહીં તેમ ઠરાવવામાં આવ્યું. 2015માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓથી આ ઠરાવનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 28 અધ્યાપક અને અન્ય શૈક્ષણિક સેવકો માટેની લઘુત્તમ લાયકાત અંગેની જોગવાઈ સંબંધી યુજીસીના પત્ર સંદર્ભે સ્પષ્ટતા (FAQ) F.17-6/2013(PS/Misc), સપ્ટેમ્બર, 2015 અંગે.

ઠરાવ-28 અધ્યાપક અને અન્ય શૈક્ષણિક સેવકો માટેની લઘુત્તમ લાયકાત અંગેની જોગવાઈ સંબંધી યુજીસીના પત્ર સંદર્ભે સ્પષ્ટતા (FAQ) F.17-6/2013(PS/Misc), સપ્ટેમ્બર, 2015ને ધ્યાને લેવામાં આવ્યો. આ પત્ર વિદ્યાસભાના દરેક સભ્યશ્રીને e-mail થી મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું અને કાર્યવાહી કરતી વખતે આ ધ્યાને લેવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 29 ડૉ. સંજય મકવાણા તથા ડૉ. હસમુખ પંચાલના Ph.D. કક્ષાએ અભ્યાસ બાબતે.

ઠરાવ-29 ડૉ. સંજય મકવાણા તથા ડૉ. હસમુખ પંચાલના કિસ્સા અંગે પરીક્ષામંત્રી હકીકત તૈયાર કરીને મૂકશે.

કાર્ય – 30 વિશારદ કક્ષાએ B.A. (હોમ સાયન્સ)ના અભ્યાસક્રમને B.Sc. (હોમ સાયન્સ) કરવા બાબતે.

ઠરાવ-30 વિશારદ કક્ષાએ B.A. (હોમ સાયન્સ)ના અભ્યાસક્રમને B.Sc. (હોમ સાયન્સ) કરવાનું અને તેનો અમલ વર્ષ-2016થી પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓથી લાગુ પાડવાનું ઠરાવવામાં આવ્યું.

આ અભ્યાસક્રમ માટે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ થનારા વિદ્યાર્થીને નિયમ મુજબ પ્રવેશ આપવાનો રહેશે. તે માટે નવા અભ્યાસક્રમની રચના કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 31 B.A. (શારીરિક શિક્ષણ વિશારદ) અને M.P.Ed. (શારીરિક શિક્ષણ પારંગત) અભ્યાસક્રમના નામમાં સુધારો કરવા બાબતે.

ઠરાવ-31 યુ.જી.સી.ના તા. 07-02-2015ના પત્રની નોંધ 510 સેક્સન-4 સ 4.02ના આધારે શારીરિક શિક્ષણ વિશારદની પદવીને B.P.E.S. (બેચલર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ) તરીકે તથા M.P.Ed. શારીરિક શિક્ષણ પારંગતને M.P.E.S. (માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ) તરીકે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું જેનો અમલ વર્ષ-2015માં સત્ર-1માં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓથી કરવાનો રહેશે.

કાર્ય – 32 M.Phil. / Ph.D. અભ્યાસ સંબંધિત સૂચનો અંગે.

ઠરાવ-32 M.Phil. / Ph.D. અભ્યાસ સંબંધે નીચેનાં સૂચનોનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(1) Ph.D. કક્ષાએ રજૂ થતી પરીક્ષક પેનલોમાં નવા પરીક્ષકોને તેમની પૂરી વિગત સાથે સામેલ કરવા કુલનાયકશ્રીએ સૂચવ્યું.

(2) Ph.D. કક્ષાએ અભ્યાસમાં સમયાંતરે આંતરિક ઓડિટ કરવું. ઓપન વાયવાને લીધે વિદ્યાર્થી નિબંધનું કામ શરૂ કરે ત્યારે જ પરીક્ષકની નિમણૂક કરવી જોઈએ.

(3) સંશોધન કાર્યનું 70 થી 80 ટકા કાર્ય પૂર્ણ થાય ત્યારે તેનો સારાંશ (સિનોપ્સીસ) ત્રણથી છ મહિના પહેલા રજૂ કરવો. આ સારાંશને સંશોધન પ્રસ્તાવના મંજૂર કરનાર તજ્જ્ઞશ્રી તથા અભ્યાસ સમિતિ સમક્ષ મૂલ્યાંકન માટે મૂકવો. તેમના દ્વારા પરીક્ષકોની પેનલ રજૂ કરવામાં આવે. આ પેનલમાંથી કુલનાયકશ્રી પરીક્ષકની પસંદગી કરે.

ઉપરોક્ત સૂચનોનો તાત્કાલિક અસરથી અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 33 વર્ષ-2016થી પ્રવેશ માટે બધા જ અભ્યાસક્રમનાં અરજીપત્રને એક સમાન કરવા બાબતે.

ઠરાવ-33 વર્ષ-2016થી પ્રવેશ માટે બધા જ અભ્યાસક્રમનાં અરજીપત્રને એક સમાન કરવા માટેની કાર્યવાહી કરવા નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવી.

સમિતિના સભ્યો :

(1) ડૉ. અજયભાઈ પરીખ : (કન્વીનર) અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ.
(2) ડૉ. આરતીબહેન પટેલ : (સભ્ય) પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય.
(3) ડૉ. જગદીશભાઈ સાવલિયા : (સભ્ય) પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય.
(4) ડૉ. સતીષભાઈ પટેલ : (સભ્ય) મદદનીશ પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર.
(5) ડૉ. આનંદીબહેન પટેલ : (સભ્ય) અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ.
(6) શ્રી રણછોડભાઈ ચૌહાણ : (સભ્ય) પરીક્ષામંત્રી, પરીક્ષા વિભાગ.

અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

તા. 28/10/2015

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ